મેઘરજ-પંચાલ માર્ગ પર અજાણ્યા વાહનની ટક્કરમાં બાઈકચાલકનું મોત

મેઘરજ, તા. ૧૧

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના બ્રાહ્મણ કોટડા ગામના રહીશ ખુમાભાઈ શબાભાઈ ખાંટ ઉં.વ. ૪૮ જેઓ ગુરૂવારના રોજ સાંજે ૪ વાગ્યાના અરસામાં પોતાનું બાઈક લઈને મેઘરજ કામ અર્થે આવેલા હતા અને મોડી સાંજે પોતાનું કામ પૂર્ણ કર્યા બાદ પોતાના ઘરે જઈ રહ્યા હતા ત્યારે મેઘરજથી પંચાલ જતા એચ.પી.ગેસ એજન્સી પાસે અજાણ્યા વાહને બાઈક ચાલક ખુમાભાઈને જોરદાર ટક્કર મારતાં ખુમાભાઈ રોડ પર પટકાયા હતા અને અજાણ્યો વાહનચાલક ટક્કર મારી ભાગી છુટ્યો હતો અને ખુમાભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેઓને તાત્કાલિક ૧૦૮ દ્વારા મેઘરજ સરકારી દવાખાને લાવવામાં આવ્યા હતા પરંતુ ત્યાંના હાજર તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. ત્યારબાદ તેમના પરીવારને ફોન દ્વારા જાણ કરતા તેમના પરીવારજનો દવાખાને દોડી આવ્યા હતા. જે અંગે તેમના દિકરા હિતેશભાઈએ અજાણ્યા વાહન ચાલક વિરૂદ્ધ ફરીયાદ નોંધાવતા મેઘરજ પોલીસે અકસ્માતે મોતનો ગુન્હો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે મૃતકના પરીવારજનોને આ અકસ્માત અંગે શંકા કુશંકા જણાતા તેમના પરીવારજનોએ આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે આ અકસ્માત છે કે હત્યા ? તે અંગે પોલીસતંત્ર દ્વારા ઊંડાણપૂર્વક ન્યાયીક તપાસ કરવામાં આવે તેવી પરીવારજનોની માંગણી છે.

વણઝર પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને સ્કુલ બેગ, ટીફીન બોક્સનું વિતરણ

અરવલ્લી જીલ્લાના વણઝર પ્રાથમીક શાળામાં વિદ્યાર્થીઓને સ્કુલ બેગ,ટીફીન બોક્સનું વિતરણ કરાતાં વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી છે.વણઝર પ્રાથમીક શાળામાં પ્રવેશોત્સવ કાર્યક્રમમાં ગૌ-રક્ષા સમિતીના અધ્યક્ષ સંકેતભાઈ શંકરભાઈ ચૌધરીએ વિદ્યાર્થીઓને સ્કુલ બેગ,વણઝર ગામમાં આંગણવાડીના બાળકોને ટીફીન બોક્સનું વિતરણ કરાયું હતું ત્યારે વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.

ઈસરી ગામે સાસરીયાઓના ત્રાસથી પરણિતાએ ગળેફાંસો ખાધો

મેઘરજ, તા. ૧૧

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના ઈસરી ગામે ૩૩ વર્ષીય પરણિતાએ પતિ અને સાસરીયાઓના ત્રાસથી અંતે કંટાળી શુક્રવારના રોજ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી પોતાનું જીવન ટુંકાવ્યું હતું.

પ્રાપ્ત વિગત મુજબ વલુણા ગામના રહીશ કાળાભાઈ માધાભાઈ ચમારની દિકરીના લગ્ન આશરે બારેક વર્ષ પહેલા ઈસરી ગામના રહીશ વસંતભાઈ ડાહ્યાભાઈ ચમાર સાથે થયેલા હતા પરંતુ લગ્નજીવન બાદ શિલ્પાબેનનો સાસરીયાઓ સાથે અણબનાવ રહેતો હોવાથી વારંવાર સાસરીયાઓ અને તેના પતિને ચડામણી કરી શારિરીક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો અને તેનો પતિ તેને વારંવાર કહેતો હતો કે તુ મને ગમતી નથી, તારો બાપો ભીખારી છે તેવા બિભત્સ શબ્દો બોલી તેની મા તથા તેની બહેનની ચઢામણીથી તેની સાથે મારઝુડ કરી તેના પતિ, સાસુ અને નણંદ દ્વારા પરિણિત શિલ્પાને ત્રાસ આપવામાં આવતો હતો તેથી શિલ્પાને આ સાસરીયાઓ દ્વારા અપાતો શારિરિક તથા માનસિક ત્રાસ સહન ન થતાં અંતે શિલ્પાએ ગળેફાંસો ખાઈ પોતાનું જીવન ટુંકાવ્યું હતું. આ બનાવ અંગેની જાણ શિલ્પાના પિતાને ફોન દ્વારા કરતા શિલ્પાના પિતા તાત્કાલિક દવાખાને દોડી આવ્યા હતા ત્યારે શિલ્પાએ સંસારમાંથી વિદાય લઈ લીધી હતી. ત્યારે આ મોત અંગે તેના પિતા કાળાભાઈએ ઈસરી પોલીસ મથકે શિલ્પાબેનના પતિ વસંતભાઈ ડાહ્યાભાઈ, સાસુ ડાહીબેન ડાહ્યાભાઈ અને નણંદ રેખાબેન ડાહ્યાભાઈ આમ આ ત્રણેય સામે શારિરીક અને માનસિક ત્રાસ અંગેની ફરીયાદ દાખલ કરાવી છે અને ઈસરી પોલીસે આ અંગે ઈ.પી.કો. કલમ-૪૯૮(ક), ૩૦૬, ૧૧૪ મુજબ અકસ્માતે મોતનો ગુન્હો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રદેશ ભાજપા દ્વારા મંડલ પ્રશિક્ષણ વર્ગો બે તબક્કામાં યોજવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૧

પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે, ગઈકાલ તા. ૧૦ જૂન શુક્રવારે શરૂ થયેલા પ્રથમ તબક્કાના મંડલ કક્ષાના વર્ગો આવતીકાલે તા. ૧૨ જૂને પૂર્ણ થશે.

પંડ્યાએ જણાવ્યું હતું કે, પંડિત દીનદયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહાભિયાન અંતર્ગત પ્રદેશ ભાજપા દ્વારા રાજ્યના ૨૫૬ મંડલમાં બે તબક્કામાં પ્રશિક્ષણ વર્ગો યોજાશે. તા. ૧૦ થી ૧૨ જૂન દરમ્યાન પ્રથમ તબક્કામાં ૧૦૭ મંડલમાં અને તા. ૨૪, ૨૫ જૂનના બીજા તબક્કામાં ૧૪૯ મંડળમાં પ્રશિક્ષણ વર્ગો યોજાશે.

પંડ્યાએ જણાવ્યું હતું કે, તા. ૫ જૂનના રોજ પ્રદેશ કાર્યાલય, શ્રી કમલમ્ ખાતે ૪૫૦ થી વધુ વક્તાઓની પ્રશિક્ષણ કાર્યશાળા યોજાઈ હતી. આ કાર્યશાળાના બીજા ચરણમાં મંડલ કક્ષાના પ્રશિક્ષણ વર્ગોનું પ્રદેશ ભાજપા દ્વારા આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જેમાં દક્ષિણ ઝોનમાં ૧૬ મંડલ પ્રથમ તબક્કામાં, ૩૨ મંડલ બીજા તબક્કામાં, મધ્ય ઝોનના ૨૨ મંડલ પ્રથમ તબક્કામાં, ૩૫ મંડલ બીજા તબક્કામાં, ઉત્તર ઝોનના ૨૭ મંડલ પ્રથમ તબક્કામાં, ૪૪ મંડલ બીજા તબક્કામાં, સૌરાષ્ટ્ર ઝોનના ૪૨ મંડલ પ્રથમ તબક્કામાં અને ૩૮ મંડળ બીજા તબક્કામાં પ્રશિક્ષણ વર્ગો યોજાશે. પંડ્યાએ અંતમાં જણાવ્યું હતું કે, આ પ્રશિક્ષણ વર્ગમાં કાર્યકર્તાઓને ભાજપાના ઈતિહાસ અને વિકાસ, સૈદ્ધાંતિક અધિષ્ઠાન, આપણો વિચાર પરિવાર, કાર્યકર્તાની ભૂમિકા અને સરકારની ઉપલબ્ધિઓથી પ્રશિક્ષિત કરવામાં આવનાર છે. બે દિવસીય આ અભ્યાસ વર્ગમાં યોગ નિદર્શન પણ સામેલ છે.

શ્રેયસ સોસાયટી, સે-૨૨ ખાતે સન્માન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૧૧

શ્રેયસ સોસાયટી, સે-૨૨, ગાંધીનગર દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી પ્રવિણભાઈ પટેલ, ડે. મેયરશ્રી સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનશ્રી મનુભાઈ પટેલ અને વોર્ડ નં. ૩ના કોર્પોરેટરશ્રીઓના સન્માન સમારોહનું ભવ્ય આયોજન શ્રેયસ સોસાયટીના બગીચા ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ-ગાંધીનગર (ઉત્તર) તથા ગુડાના ચેરમેનશ્રી આશિષભાઈ દવે ઉપસ્થિત રહ્યા હતાં.

શ્રેયસ સોસાયટીના પ્રમુખશ્રી મણિભાઈ ચૌધરીએ સર્વેને આવકારી સોસાયટીની પ્રવૃત્તિઓનો સંક્ષેપમાં ખ્યાલ આપ્યો હતો. ત્યારબાદ માન. મેયરશ્રી અને તેમની ટીમનો પરિચય કરાવ્યો હતો. પધારેલ મુખ્ય મહેમાનોનો પણ પરિચય કરાવ્યો હતો અને ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સોસાયટીના સર્વે કાર્યકરો, વડીલો, કૃષ્ણ મહિલા મંડળના તમામ બહેનો, વેપારી એસો.ના સર્વે યુવકો, બાળકો ખુબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્ય મહેમાનશ્રીઓ, માન. ધારાસભ્યશ્રી અશોકભાઈ પટેલ અને ગુડાના ચેરમેન માન.શ્રી આશિષભાઈ દવેનું બુકેથી સન્માન કરી સ્મૃતિચિહ્ન અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. મેયરશ્રી પ્રવિણભાઈ પટેલ, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન મનુભાઈ બી. પટેલ તથા કોર્પોરેટરશ્રીઓ શ્રીમતી રીટાબેન કેતનકુમાર, શ્રીમતી પ્રિતીબેન ધવલભાઈ, શ્રી જયદેવભાઈ પરમાર, પૂર્વ કોર્પોરેટર તથા પત્રકાર એસોસીએશનના પ્રમુખશ્રી અશ્વિનભાઈ કે. વ્યાસ (કુકર) તથા શ્રીમતી ભાવનાબેન બિપીનભાઈ પટેલ કે જે અર્બન કો.ઓ.બેંક લિ.ના ડિરેકટર તરીકે વરણી પામેલા છે તેઓનું સન્માન કરી સ્મૃતિ ચિહ્ન અર્પણ કરવામાં આવ્યું હતું.

રેડિયો સિટી પર 'ગિગ સિટી' - ભારતનું સૌ પ્રથમ લાઈવ રેડિયો કૉન્સર્ટ

અમદાવાદ, તા. ૧૧

રેડિયો સિટી ૯૧.૧ એફએમ, દેશનું અગ્રણી રેડિયો નેટવર્ક, જાણીતા ગાયકો શાન, ફરહાન અખ્તર, શંકર, અહેસાન અને લૉય, સલીમ-સુલેમાન તથા આયુષમાન ખુરાના અને સુનિધિને ગિગ સિટી નામની પોતાની પહેલમાં લાઈવ રેડિયો કૉન્સર્ટમાં સૌપ્રથમ વાર રજૂ કરે છે. ભારતીય રેડિયોના ઈતિહાસમાં પહેલીવાર અનિવાર્ય એવું, ગિગ સિટી એ ભારતનું પ્રથમ લાઈવ મલ્ટિ-સિટી સિમ્યુલકાસ્ટ કૉન્સર્ટ છે, જ્યાં કલાકારો અવાજના તરંગોને રાષ્ટ્રીય સ્તરે જવલંત બનાવશે. ગિગ સિટી "આપ જહાં, કૉન્સર્ટ વહાં"ની વિચારધારાને અનુસરે છે, પોતાના પ્રકારનું આ અનોખું કૉન્સર્ટ તમે જ્યાં હો છો ત્યાં જાય છે અને જ્યાં સંગીત ઉદ્યોગનાં મોટાં નામો પોતાના સંગીતથી તમને મંત્રમુગ્ધ કરશે.

ગિગ સિટી વિશે વાત કરતા અબ્રાહમ થૉમસ-રેડિયો સિટી ૯૧.૧ એફએમ.ના સીઈઓએ જણાવ્યું હતું કે, ૨૩ ૨૩ માં દૌડે સિટીના જોરદાર લૉન્ચ બાદ, અમે તમારી માટે ગિગ સિટી લાવી રહ્યા છીએ. પહેલીવાર લાઈવ કૉન્સર્ટની ઊર્જાને તમે જ્યાં હો ત્યાં માણી શકશો. કલ્પના કરો કે તમારા ઘરના કાઉચ પર બેસી તમે ફરહાન અખ્તર અથવા શંકર મહાદેવનને લાઈવ સાંભળી રહ્યા છો !! આ છે રેડિયોની બંધન તોડતી તાકાત જે તેને એક નિષ્ક્રિય બેકગ્રાઉન્ડ માધ્યમમાંથી સક્રિય, ઈન્ટરએક્ટિવ સાંકળનારૂ માધ્યમ બનાવે છે.

શહેરમાં ઝૂંપડાના દબાણો અને રખડતા ઢોરોનો ત્રાસ

ગાંધીનગર, તા.૧૧

વોર્ડ નં. ૮ના વસાહતીઓને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. વોર્ડ નં. ૮માં સે-૧, ૨, ૩ ન્યુ, ૪ અને ઈન્ફોસીટી ટાઉનશીપ વિસ્તારનો સમાવેશ થાય છે. નગરના પોશ વિસ્તાર ગણાતો વોર્ડ નં. ૮માં પણ વારંવાર દબાણો દૂર કરવા છતા પણ 'જૈસે થે'ની સ્થિતિ ટૂંક જ સમયમાં જોવા મળે છે. આ ઝૂંપડપટ્ટીના દબાણોને અનુલક્ષીને વસાહતીઓને તેને લગતા અનેક પ્રશ્નોનો સામનો કરવો પડે છે. જેમાં ઝૂંપડપટ્ટીના દબાણો દૂર કરવા, સેકટરોમાં રખડતા ઢોર ઢાંખરની બદી દૂર દરવા, સેકટરોના માર્ગ ઉપર બમ્પ અને જાહેર બગીચામાં ફીકસ ડસ્ટબીનની સુવિધા સહિતના પ્રશ્નોના નિરાકરણ બાબતેની અનિવાર્યતા છે.

મ્યુનિસિપલ કાઉન્સિલર વોર્ડ નં. ૮ના પ્રવિણાબેન વોરાના જણાવ્યા મુજબ સેકટરોમાં દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી જેના અંતે ઝુંપડા હટાવાતા ઝુંપડાધારકોને તંત્ર દ્વારા ધોળાકુવા, ગોકળપરા વગેરે સ્થળોએ મકાન ફાળવવામાં આવ્યા હતા. સરકાર દ્વારા મળેલા મકાન બીજાઓને ભાડે આપી દીધેલ છે તેવી પણ વાત ધ્યાને આવી છે. ગેરકાયદેસર ઝૂંપડાવાસીઓ દિવસ દરમિયાન તેમના ઢોર છુટ્ટા મુકી દે છે. જેના લીધે વડીલો તથા નાના બાળકો તેમના ઘર આગળ પણ ભયજનક અને જોખમકારક સ્થિતિમાં રહે છે. આ ઉપરાંત કેટલાક સેકટરોના રીંગ રોડ ઉપર બાઈકર્સ ગેંગનો પણ ત્રાસ વધી જતા વસાહતીઓ દ્વારા રીંગરોડ પર સિમેન્ટના તેમજ પ્લાસ્ટીકના બમ્પ બનાવવા માંગ કરી છે તથા સફાઈ અભિયાનને ધ્યાનમાં રાખતા અને ગંદકી ન થાય તેને લઈ જાહેર બગીચામાં ફીકસ ડસ્ટબીનની સુવિધા અંગે માંગ ઉઠવા પામી છે.

એનડીએને સફળતા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

હરિયાણા અને મધ્યપ્રદેશનો સમાવેશ થાય છે. ઉત્તરપ્રદેશમાં ૧૧, રાજસ્થાનમાં ચાર, કર્ણાટકમાં ચાર, મધ્યપ્રદેશમાં ત્રણ, હરિયાણામાં બે, ઝારખંડમાં બે, ઉત્તરાખંડમાં એક બેઠક માટે મતદાન થયું હતું. આ ચૂંટણીમાં વધારાની સીટો જીતવા માટેના તમામ પ્રયાસો કર્યા હોવા છતાં કોંગ્રેસ ૨૪૫ સભ્યોના ઉપલાગૃહમાં સિંગલ લાર્જેસ્ટ પાર્ટી તરીકે રહે તેમ માનવામાં આવે છે. રાજ્યસભાની દ્વિવાર્ષિક ચૂંટણી યોજવાની ફરજ પડી છે . કારણ કે ૧૫ રાજ્યોના ૫૫ સભ્યો જુન અને ઓગષ્ટ વચ્ચેના ગાળામાં નિવૃત થનાર છે. રાજસ્થાન અને કર્ણાટકમાંથી એક એક બેઠક પણ ખાલી થઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે જુદા જુદા રાજ્યોમાંથી ૩૦ ઉમેદવારો પહેલાથી જ બિનહરિફ ચૂંટાઈ આવ્યા છે. વધુ ઉમેદવાર નહી હોવાના કારણે તેમને બિનહરિફ જાહેર કરવામાં આવ્યા હતા. આ વખતે રાજયસભાની ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ સહિત રાજકીય પક્ષોએ જીત માટે તમામ હથકંડા અપનાવવામાં આવ્યા હતા. એકએક વોટ માટે લડાઈ દેખાઈ રહી હતી. એક એક વોટ માટે પૈસાની થેલી ખુલી હતી. મત નાંખવા અને મત નખાવા માટે મામલો સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટમાં પણ પહોંચ્યો હતો.

વરસાદી ઝાપટા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

એન્ટ્રી થઈ હતી. જુલાઈ સુધી સમગ્ર દેશમાં વરસાદ પહોંચી જાય તેમ માનવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, કેરળમાં મોનસુનની એન્ટ્રી આખરે આઠમી જૂનના દિવસે થઈ ગઈ હતી. આની સાથે જ ઉત્સુકતાનો અંત આવી ગયો હતો. મોનસુની વરસાદની શરૂ થતાં લોકોને મોટી રાહત થઈ ગઈ હતી. સૌથી પહેલા મોનસુનની શરૂઆત કેરળમાં થાય છે. ત્યારબાદ દેશના અન્ય ભાગોમાં મોનસુનની શરૂઆત થાય છે. ગુજરાતમાં પણ ટૂંકમાં જ મોનસુનની એન્ટ્રીની શક્યતા દેખાઈ રહી છે. વાણિજ્ય પાટનગર મુંબઈમાં ઉત્સુકતાપૂર્વક રાહ જોવાઈ રહી છે. આ વખતે કાળઝાળ ગરમીના કારણે જનજીવન સંપૂર્ણ ખોરવાઈ ગયું હતું. ગરમીના નવા રેકોર્ડ સર્જાયા હતા. પારો ૫૦ની આસપાસ પહોંચ્યો હતો. મોનસુન પહેલા પશ્ચિમ બંગાળ, સિક્કિમ, દરિયા કાંઠાના આંધ્રપ્રદેશ અને છત્તીસગઢ અને આસામ, મેઘાલય અને કેરળના કેટલાક ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ થઈ ચુક્યો છે. ગયા વર્ષે પણ આઈએમડી દ્વારા ૩૦મી મે સુધી દક્ષિણ પશ્ચિમ મોનસુન બેસી જવાની જાહેરાત કરી હતી. હકીકતમાં પાંચમી જૂન સુધી આ તમામ વિસ્તારોમાં મોનસુન બેસી જાય છે. આ વખતે આઈએમડી અને ખાનગી હવામાન સંસ્થા સ્કાયમેટ દ્વારા મોનસુનની સિઝનમાં સામાન્ય કરતા વધુ એટલે કે ૧૦૬ ટકાથી વધુ વરસાદની આગાહી કરવામાં આવી છે.

વૃદ્ધનો આપઘાત

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ગઈ કાલે રાત્રે બારેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે જ પેપ્સીની બોટલમાં ઝેરી દવા મીલાવી દઈને ગટગટાવી લીધી હતી. ગંભીર હાલતમાં તેમને તેમના દિકરા તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ ગયા હતા. જો કે તેમને ઝેરની અસર વધુ થઈ જતા સારવાર દરમિયાન વહેલી સવારે તેમનું પ્રાણ પંખેરૂ ઊડી ગયું હતું. પેથાપુર પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઘરે જઈ તપાસ કરી તો દવા ભેળવેલી પેપ્સીની બોટલ અને એક સ્યુસાઈડ નોટ મળી આવી હતી. કૃષ્ણકાન્તભાઈએ લખેલી સ્યુસાઈડ નોટમાં રૂ. ૧૭ લાખ માટે અલગ અલગ સાત વ્યાજખોરો દ્વારા આપવામાં આવતી ધમકી અને પ્રેશરથી તેઓ ત્રસ્ત થઈ ગયા હોવાનો ઉલ્લેખ છે. સાત વ્યાજખોરોના નામ પણ સ્યુસાઈડ નોટમાં લખવામાં આવેલા છે. પેથાપુર પીએસઆઈ ડી.બી. વાળાએ અકસ્માત મોતનો ગુનો નોંધીને સ્યુસાઈડ નોટ જપ્ત કરી તે દિશામાં તપાસ શરૂ કરી છે. અંતિમવિધિ બાદ મૃતકના દિકરા દ્વારા જે ફરિયાદ આપવામાં આવશે તે આધારે વ્યાજખોરો સામે ગુનો દાખલ કરી કડક કાર્યવાહી કરવામાં આવશે તેમ પીએસઆઈએ જણાવ્યું છે.

દંડ કરાશે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પણ આર ટી ઓ કચેરી દ્વારા સમયાંતરે ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. ત્યારે ટ્રાન્સપોર્ટ વાહનો માટે પણ હાઈસિકયુરીટી નંબર પ્લેટ ફરજિયાત કરવામાં આવી છે. તા ૧ જુલાઈ વર્ષ ૨૦૧૬ અગાઉ નોંધાયેલા ટ્રાન્સપોર્ટના હયાત જુના વાહનોમાં પણ હાઈસિકયુરીટી નંબર પ્લેટ ફીટ કરવા આર ટી ઓ તંત્ર દ્વારા સુચના આપવામાં આવી છે. આર ટી ઓ તંત્ર દ્વારા હયાત જુના ટ્રાન્સપોર્ટ વાહનોમાં એચ એસ આર પી ન હોય તેવા કીસ્સામાં રૂ ૫૦૦ સુધીનો દંડ વસુલવામાં આવશે. આગામી તા ૧ જુલાઈ બાદ હાઈસિકયુરીટી નંબર પ્લેટ ન હોય તેવા ટ્રાન્સપોર્ટના વાહનચાલકો પાસેથી દંડ વસુલી કરવામાં આવશે. આર ટી ઓ કચેરી દ્વારા બાકી રહેતા વાહનોને પણ હાઈસિકયુરીટી નંબર પ્લેટ માટે આવરી લેવા પ્રયાસ કરવામાં આવી રહયો છે.

પોપડું પડ્યું

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

જુના આવાસોમાં છત સલામત ન હોવાથી વારંવાર રહીશોના જીવ જોખમમાં મુકાય છે. સે-૧૩ના ચ કક્ષાના બ્લોક નં ૯-૩ માં ગઈકાલે ગેલેરીમાં છતની સાઈડમાંથી પોપડુ ખરતા એક યુવતિનો સદનસીબે બચાવ થયો હતો. સદનસીબે કોઈને ઈજા થવા પામી ન હતી. આવાસના રીનોવેશન માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. સે-૧૩ માં આવાસોની હાલત બદતર હોવાથી આ મામલે વિભાગ દ્વારા સર્વે હાથ ધરી યોગ્ય આયોજન કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. સ્માર્ટ સિટીની સાહોમણી વાતો વચ્ચે સરકારી આવાસમાં રહેતા રહીશોનો જીવ ભયની ગિરફતમાં હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે.

ગુલમોર ● ૪ પાનાનું ચાલુ...

રહે ફૂલ, પ્રત્યેક ફૂલ એટલે પ્રેમ. સૂરજના પ્રથમ કિરણથી સૂરજના અંતિમ કિરણ સુધી જ નહીં, અહોનિશ પ્રકાશતું રહે પ્રિયાનું નામ પ્રિયજનના રોમરોમમાં. આ જ તો છે પ્રેમ નામનો જાદુ.

હિમાલયનાં ગિરિશૃંગોની ઘટા – મને ઘેરી વળે થીજવી દેવાના ઈરાદે, પ્રેમ એટલે ફૂલોની બારમાસી સંગત, પ્રેમ એટલે જાણે સુવાસનું સરનામું. જીવનની મહેંક એટલે પ્રેમ અને પ્રત્યેક પીડાનો ઈલાજ એટલે પ્રેમ. પ્રેમ એટલે દવા બનીને આવતી દુઆ અને ઉપચારનો ગેબી પ્રકાર એટલે પ્રેમ. જિંદગીના દરિયાની ભરતી અને ઓટ પણ ન ભૂંસી શકે એનું નામ પ્રેમ. પ્રેમ એટલે આંખો બંધ કરો અને આંખ સામે આવીને ઉભી રહે તે ઑરા. પ્રિયજનની આંખોની ભીતર અને હૃદયના અતળ ઊંડાણમાં – જે વસી જાય છે અને બહાર નીકળવાનું કદીય નામ જ લેતો નથી, એ પ્રેમ છે.

પ્રેમનું બીજું નામ જિંદગી, પ્રેમનો સરવાળો એટલે જિંદગી. પ્રેમનો ગુણાકાર એટલે પણ જિંદગી અને પ્રેમની બાદબાકી કરો તો પણ પ્રેમ જ મળે. જિંદગીમાંથી પ્રેમનો ભાગાકાર કરો અને જે શેષ રહે તે પણ પ્રેમ. અત્ર, તત્ર, સર્વત્ર... પ્રેમ એટલે જિંદગી. પ્રેમનું સરનામું એટલે પવિત્ર હૃદય.

સ્ટૉપર:-

"પ્રેમ તમને જીવનમાં નવી ઊંચાઈ ઉપર લઈ જાય, ઊર્ધ્વગતિ કરાવે એ પ્રેમ." – ઓશો

મોરપીંછના રંગ ● ૪ પાનાનું ચાલુ...

છાપાની આંખે બાંધેલા તારીખના પાટા, મુગ્ધ વૃદ્ધા જેવી રાત, શિવરાત્રિની રાખ ચોળીને ઊભેલો સમય, આંગણે ઊની હવાનું તળાવ, પરસેવે રેબઝેબ ઊભા ફ્લેટ, રાત્રે બગાસા ખાતો પવન, ભાંખડિયે ચાલતી બારાખડી, લાલચટક સૂર્યદૂતો, એક અલ્લડ ઝાડ, કૉયલનું ગુજરાતીમાં ટહૂકવું, લાજ કાઢેલી હ્રસ્વ 'ઈ' અને દીર્ઘ 'ઈ', ખીણમાં હીંચતું અજવાળું, ઉપનિષદના ઋષિની અદાથી ઊભેલો લીમડો, પાળેલો રસ્તો,... આ બધું ભાવકોને એક નવી દુનિયામાં ખેંચી જાય છે. અહીં કલ્પનોનું ખુલ્લું ઉડ્ડયન છે.

આમ આ રીતે સાંપ્રત સમયમાં જ્યારે નિબંધો ખુબ ઓછા લખાય છે તેવા સમયે શ્રી ભાગ્યેશ જહા "સમયસ્રોત્ર" દ્વારા એક નિબંધકાર તરીકેની પોતાની ઓળખ ઊભી કરવામાં જરૂર સફળ બને છે. કેમ કે એમની પાસે પોતિકી લેખનશૈલી અને શબ્દવિશ્વ છે. પૌરાણિક અને વૈશ્વિક કલ્પનોની તાજગી છે.

(સમયસ્રોત્ર - ભાગ્યેશ જહા, પ્રકાશક - નવભારત સાહિત્ય મંદિર, કિંમત - રૂ/- ૨૦૦/- પૃષ્ઠ - ૧૩૪, કાચું પૂંઠું.)

9426060601.india@gmail.com

જાહેર વિજ્ઞપ્તી

કાર્યપાલક ઈજનેરશ્રી, સુજલામ સુફલામ વિભાગ નં.૧, ગાંધીનગર તરફથી જણાવ્યા અનુસાર આગામી ચોમાસા દરમિયાન સંતસરોવર (ઈન્દ્રોડા) બેરેજના દરવાજા બંધ કરી પાણીનો સંગ્રહ કરવામાં આવનાર છે. તેમજ ચોમાસા-૨૦૧૬ દરમિયાન ઉપરવાસમાંથી સાબરમતી નદીમાં આવરો થનાર વરસાદી / પુરના પાણી સલામતીના કારણોસર આવશ્યકતા અનુસાર બેરેજના નીચવાસમાં પુર નિયંત્રણ સારું પાણી કોઈપણ સમયે છોડવું પડશે. જેથી સમગ્ર સાબરમતી નદીના પટ વિસ્તારમાં રહેતા તમામ પ્રજાજનોએ ચોમાસા દરમિયાન સાવચેતીના પગલારૂપે ઉચાણવાળી જગ્યાએ ખસી જવા વિનંતી કરવામાં આવે છે. વિશેષમાં ચોમાસા દરમિયાન સાબરમતી નદીના પટમાં અવર-જવર કરવી સલામતીની દૃષ્ટિએ યોગ્ય નથી અને તેની સાબરમતી નદીના પટ વિસ્તારનો ઉપયોગ કરવો નહીં. તથા ઢોર ઢાંખરને પણ નદીમાં છુટા મુકવા નહીં. જેની સૌ લાગતા વળગતાઓએ ગંભીરતાથી નોંધ લેવી. અન્યથા જાન, માલસામાન, ઘરવખરીના નુકસાન અંગેની સંપૂર્ણ જવાબદારી સૌ સોની અંગત રહેશે.

માહિતી/૬૩૪/૨૦૧૬-૧૭

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર

સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, સેક્ટર-૨૦, ગાંધીનગર ❖ ફોન : ૦૭૯-૨૩૨૪૪૫૭૬, ૨૩૨૪૪૫૬૯ :
ઈ-મેઈલ : vccu.gujarat@gmail.com : વેબસાઈટ : www.cugujarat.ac.in

ગુજરાત સરકારના ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી એક્ટ નં. ૧૫ ૨૦૦૯થી પારીત અને UGC એક્ટ સેકશન ૨ (એફ) અને સેકશન (૩) થી સરકાર માન્ય અનુદાનિત યુનિવર્સિટી

પ્રવેશ જાહેરાત શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭

અભ્યાસક્રમોની વિગત

ક્રમ	અભ્યાસક્રમનું નામ	વિષય	બેઠકની સંખ્યા	શિક્ષણનું માધ્યમ	સેમેસ્ટર	પ્રવેશ માટે પાત્રતા	ફોર્મ પરીક્ષા ફી	સેમેસ્ટર ફી
૧	M.Phil.	શિક્ષણ	૨૦	ગુજરાતી	૨	M.Ed./M.A. (Edu.)	૫૦૦/-	૬૫૦૦/-
		મનોવિજ્ઞાન	૦૫	ગુજરાતી	૨	M.A. (Psy.)	૫૦૦/-	૬૫૦૦/-
૨	Ph.D.	શિક્ષણ	૨૦	અંગ્રેજી	૪/૫	M.Ed./M.A. (Edu.)	૫૦૦/-	૫૦૦૦/-

વિદ્યાર્થીઓ માટે પ્રવેશ સંબંધી સૂચનાઓ :

૧. વધુ વિગતો ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની વેબસાઈટ www.cugujarat.ac.in/education/ પરથી ઉપલબ્ધ થશે.
૨. પ્રવેશફોર્મ વેબસાઈટ પરથી ઉપલબ્ધ થશે. જરૂરી આધારો સાથે કચેરીમાં ફોર્મ ફી રોકડેથી અથવા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના નામના રાષ્ટ્રિયકૃત બેંકના ડીડીથી કચેરીમાં રૂબરૂ કે રજીસ્ટર એડીથી મોકલવાનું રહેશે.
૩. પ્રવેશ ફોર્મ મોકલવાની છેલ્લી M.Phil. માટે તા. ૩૦-૦૬-૨૦૧૬ અને Ph.D. માટે તા. ૦૭-૦૭-૨૦૧૬ રહેશે.
૪. પ્રવેશ સંબંધી આખરી નિર્ણય કુલસચિવશ્રીનો રહેશે.

સંપર્ક : શિક્ષણ માટે : ડૉ. મિનળબા બી. જાડેજા : ૯૦૯૯૦ ૯૨૩૧૭, ડૉ. જિજ્ઞેશ બી. પટેલ : ૯૪૨૯૪ ૨૯૫૫૦
મનોવિજ્ઞાન માટે : ડૉ. અશોક એન. પ્રજાપતિ : ૯૯૭૮૪ ૭૭૭૬૪

તારીખ : ૯-૦૬-૨૦૧૬
સ્થળ : ગાંધીનગર

કુલસચિવ
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી

માહિતી/૬૩૬/૨૦૧૬-૧૭